ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

પરિપત્ર:-

વિષય: થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવા બાબત.
સંદર્ભ: ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાનાં પત્ર નં.ટી.પી.પી./૨૦૨૪-૨૫/૦૨૮૩, તા.૨૩/૦૪/૨૦૨૪.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે,ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા રાજ્યની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા સિકલ સેલ એનિમિયા અને હિમોગ્લોબીનોપેથી પરીક્ષણ દ્વારા દર વર્ષે નિયમિત રીતે કરવામાં આવે છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વિદ્યાર્થીઓને પ્રિ-કાઉન્સેલિંગ દ્વારા થેલેસેમિયા અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવે છે, તેમજ તેઓને પરીક્ષણ બાદ પોસ્ટ કાઉન્સેલિંગ પણ કરવામાં આવે છે. આ પરીક્ષણના સામાજિક સેવાના ભાગરૂપે સંસ્થા દ્વારા ટોકન ચાર્જ રૂપિયા ૨૦૦/- થી કરવામાં આવે છે જેમાં CBC/HPLC ટેસ્ટ કરવામાં આવે છે. ખાનગી લેબમાં આ થેલેસેમિયા પરીક્ષણ HPLC ટેસ્ટનો ચાર્જ ૬૦૦/- થી ૭૦૦/- રૂપિયા થી વધુ થાય છે.

ઉક્ત બાબતે આપની કોલેજ/સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ થેલેસેમિયા ટેસ્ટ કરાવે તે માટે આ સાથે બીડેલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાના પત્ર મુજબ થેલેસેમિયા પ્રિવેન્શન પ્રોગ્રામ અંતર્ગત થેલેસેમિયા સ્ક્રીનીંગ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા દ્વારા થાય તે માટે થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન આપની સંસ્થામાં કરવા અનુરોધ કરવામાં આવે છે.

કા.કુલસચિવ

બિડાણ:-
- સંદર્ભદર્શિત પત્રની નકલ.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૫૩૪/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૩૦/૦૪/૨૦૨૪

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

THROUGH HUMANITY TO PEACE

# Indian Red Cross Society

(Constituted Under Act XV of 1920)

## Gujarat State Branch

An ISO 9001 Certified Organization

President : Acharyashri Devvrat, Hon. Governorshri, Gujarat
Vice-President : Shri Rushikesh Patel, Hon'ble Minister, Health, Family Welfare and M.E., Higher and Technical Education, Gujarat

Chairman : Shri Ajay H. Patel
Vice Chairman : Dr. Ajay Kanaiyalal Desai
Hon. Treasurer : Shri Sanjay Kanchanlal Shah
General Secretary: Dr. Prakash Parmar

ટી.પી.પી./૨૦૨૪-૨૫/0283 તા.૨૩/૦૪/૨૦૨૪

પ્રતિ શ્રી,

વાઈસ ચાન્સેલર શ્રી,

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી

જુનાગઢ

વિષય :- થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પ નું આયોજન કરાવવા બાબત

માનનીય સાહેબ શ્રી

ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા એ માનવતાવાદી કામગીરી ગુજરાતમાં અગ્રસ્થાન ધરાવે છે. આવી જ એક માનવતાવાદી કામગીરી એટલે ગુજરાત રાજ્ય ને થેલેસેમિયા મુક્ત બનાવવા ના ધ્યેય ને અનુલક્ષીને વર્ષ ૨૦૦૪ થી થેલેસેમિયા અને સિકલસેલ પ્રીવેન્શન કંટ્રોલ અને રિસર્ચ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટી હસ્તક કોલેજમાં અભ્યાસ કરતા ૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરી જરૂરી માર્ગદર્શન ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આપેલ છે.

આપ એ હકીકતથી સુવિદિત છો કે ઇન્ડિયન સોસાયટી દ્વારા રાજ્યની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા સિકલ સેલ એનિમિયા અને હિમોગ્લોબીનોપેથી પરીક્ષણ દ્વારા દર વર્ષે નિયમિત રીતે કરવામાં આવે છે. ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વિદ્યાર્થીઓને પ્રિ-કાઉન્સેલિંગ દ્વારા થેલેસેમિયા અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવે છે, તેમજ તેઓને પરીક્ષણ બાદ પોસ્ટ કાઉન્સેલિંગ પણ કરવામાં આવે છે. આ પરીક્ષણના સામાજિક સેવાના ભાગરૂપે સંસ્થા દ્વારા ટોકન ચાર્જ રૂપિયા ૨૦૦/- થી કરવામાં આવે છે જેમાં CBC /HPLC ટેસ્ટ કરવામાં આવે છે ખાનગી લેબમાં આ થેલેસેમિયા પરીક્ષણ HPLC ટેસ્ટનો ચાર્જ ૬૦૦ થી ૭૦૦ રૂપિયા થી વધુ થાય છે.

આપના હસ્તકની કોલેજો દ્વારા પણ વિધ્યાર્થીઓ થેલેસેમીયા ટેસ્ટ કરાવે તે માટે જરૂરી સૂચનાઓ અત્રેની સંસ્થાની જાણ હેઠળ બહાર પાડવા વિનંતી છે જેથી ગુજરાતને થેલેસેમીયા મુકત બનાવવા સંસ્થાની જે નેમ છે તેમાં આપ પણ સહભાગીદાર બનશો. આ કામગીરીને વધુ સફળ બનાવવા માટે આપનો સહકાર અનિવાર્ય છે જે સંસ્થાને હંમેશા મળતો આવ્યો છે અને ભવિષ્યમાં પણ આવો જ સહકાર મળતો રહેશે એવી અપેક્ષા છે.

આભાર સહ,

ડૉ. પ્રકાશ પરમાર

જનરલ સેક્રેટરી

# થૅલૅસીમિયા નાબૂદી અભિયાન

**થેલેસીમિયા શું છે :** લોહીમાં રક્તકણ તૂટેલા હોય તો એ થૅલૅસીમિયા મેજરનાં લક્ષણ છે. અને પ્રમાણમાં નાના હોય તો એ થૅલૅસીમિયા માઇનર છે. થૅલૅસીમિયા જન્મથી જ હોય છે. અને જીવનપર્યંત રહે છે. થૅલૅસીમિયા માઇનર એ રોગ નથી. પરંતુ થૅલૅસીમિયા મેજર એ જીવલેણ રોગ છે. પતિ-પત્ની બન્ને થૅલૅસીમિયા માઇનર હોય તો તેમનું સંતાન થૅલૅસીમિયા મેજર થવાની શક્યતા છે. દવા કે ઓપરેશનથી થૅલૅસીમિયા મેજરનાં દર્દીને બચાવી શકાતાં નથી.

થૅલૅસીમિયા માઈનર વિશે ઘણા લોકો જાણતા નથી. થૅલૅસીમિયા શું છે, એ વિશે જાણકારી આપતો પ્રચાર, રક્ત-પરીક્ષણ માટે યુવાવર્ગમાં જાગૃતિ, દરેક તબક્કે માર્ગદર્શન મેળવવાની તત્પરતા જ થૅલૅસીમિયાનો અંત આણી શકશે. જ્યાં સુધી લોહીની ચકાસણી ન કરાવો ત્યાં સુધી એ વિશે જાણી શકાતું નથી. થૅલૅસીમિયાની નાબૂદી માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત સ્ટેટ બ્રાંચ તરફથી ગુજરાતની દરેક કોલેજ ના દરેક વિદ્યાર્થીઓનો થૅલૅસીમિયા ટેસ્ટ કરવામાં આવે છે.

## સગાઈ પહેલાં જરૂરી દરેક તપાસમાં થેલેસીમિયાની તપાસ વધુ જરૂરી

### થેલેસીમિયા માઈનર

માતા-પિતાના અજ્ઞાનના કારણે થૅલૅસીમિયા માઈનર તેમનાં બાળકોને જન્મથી જ વારસામાં મળે છે અને આજીવન રહે છે. પણ એ કોઈ રોગ નથી, પરંતુ એ વિશે જાણવું જરૂરી છે, કેમકે પતિપત્ની બન્ને થૅલૅસીમિયા માઈનર હોય તો તેમને ત્યાં થૅલૅસીમિયા મેજર બાળક જન્મવાની પૂરી શક્યતા રહેલી છે.

તમે થૅલૅસીમિયા માઈનર હો તો એ કોઈ રોગ નથી એટલે કે દવા લેવાની જરૂર નથી. થૅલૅસીમિયા માઈનર હોવાથી તમને કોઈ અન્ય રોગ થવાની પણ શક્યતા નથી તેમજ થૅલૅસીમિયા માઈનર હોવાથી તમે શારીરિક કે માનસિક રીતે નબળાં હો એવું પણ નથી. થૅલૅસીમિયા માઈનર હોય તેને ક્યારેક લોહતત્ત્વવાળી દવાની જરૂર પડે છે, પરંતુ રક્ત-પરીક્ષણથી જ એ વિશે ખબર પડે છે. રક્તપરીક્ષણ વિના માત્ર એનીમિયા જોઈ ડૉકટર તમને લોહતત્ત્વ લેવાનું કહે તો તેથી લાંબે ગાળે નુકસાન થવાનો સંભવ છે.

## થેલેસીમિયા માઈનર એ કોઈ રોગ નથી, પરંતુ થેલેસીમિયા મેજર એક જીવલેણ રોગ છે.

### થેલેસીમિયા મેજર

થૅલૅસીમિયા માઈનર અને થૅલૅસીમિયા મેજર બન્ને આનુવંશિક ખામીથી થાય છે.

જ્યારે માતાપિતા બન્નેમાંથી કોઈપણ એક થૅલૅસીમિયા માઈનર હોય ત્યારે ૫૦% બાળકો સામાન્ય અને ૫૦% બાળકો થૅલૅસીમિયા માઈનર જન્મવાની શક્યતા છે. જ્યારે માતાપિતા બન્ને થૅલૅસીમિયા માઈનર હોય ત્યારે ૨૫% થૅલૅસીમિયા મેજર અને ૫૦% બાળકો થૅલૅસીમિયા માઈનર જન્મવાની શક્યતા છે. થૅલૅસીમિયા માઈનર યુગલે એ જાણવું જરૂરી છે કે તેમને ગમે તેટલાં બાળકો હોય તો પણ દરેક પ્રસુતિ વખતે તેમનું બાળક થૅલૅસીમિયા મેજર હોવાની શક્યતા રહેલી છે.

## થેલેસીમિયા-પરીક્ષણની અગમચેતી આપને મુશ્કેલીઓના પહાડથી બચાવે છે.

### થેલેસીમિયા મેજર : કરુણતાની અવધિ

થૅલૅસીમિયા મેજર બાળક જન્મથી જ ઊણપને કારણે પૂરતા રક્તકણો બનાવી શકતું નથી. જન્મે ત્યારે સામાન્ય જણાતું આ બાળક ૩ થી ૧૮ મહિના વચ્ચે એનિમિક થઈ જાય છે, તે ફિક્કું લાગે છે, બરાબર સૂઈ શકતું નથી, તેને ખાવું ગમતું નથી અને ઘણાં તો ખાધેલું ઓકી કાઢે છે. થૅલૅસીમિયા મેજર બાળક લોહી વિના બચતું નથી. રેડ ક્રોસ અમદાવાદ ડિસ્ટ્રિક્ટ બ્રાંચની બ્લડ બેન્કમાંથી ૪૭૫ થૅલૅસીમિયા મેજર બાળકોને લોહી ચઢાવવામાં આવે છે. લોહી આપવાથી આડઅસર થાય છે. લોહતત્વનું પ્રમાણ શરીરમાં વધી જાય છે. લોહીમાંથી લોહતત્વ જુદું પાડી શકાતું નથી. આથી જનનેન્દ્રિયને નુકસાન થાય છે ને લીવર પહોળું થાય છે.

થૅલૅસીમિયા મેજર બાળકને DESFERAL ઇન્જેકશન આપવાં પડેછે. એક ઇન્જેકશન આપતાં આઠ કલાક લાગેછે. સપ્તાહમાં આવાં ૫ ઇન્જેકશન પગમાં કે પેટમાં આપવાં પડે છે. રાત્રે સુતી વખતે ઇન્જેકશન આપવામાં આવે છે. મહિને 20, વર્ષે 240 અને 20 વર્ષમાં આશરે 5,000 ઇન્જેકશન આપવામાં લાખો રૂપિયાનો ખર્ચ થાયછે. અંદાજે લાખોના ખર્ચ પછી કુટુંબ પાયમાલ થઇ જાય છે, છતાં બાળક બચતું નથી. મોટાભાગના થૅલૅસીમિયા મેજર બાળકો જીવનના પહેલા-બીજા દશકામાં મૃત્યુ પામે છે.

## થેલેસીમિયા - પરીક્ષણ કરાવવું વધુ જરૂરી છે.

પરણનાર યુગલ સગાઈ પહેલાં જ થૅલૅસીમિયા-પરીક્ષણ કરાવી લે એ માટે તેમને માર્ગદર્શન મળવું જોઈએ. ભવિષ્યમાં મા-બાપ
બનવાના હોય એવાં યુગલોને પણ માર્ગદર્શન મળી રહે એવી વ્યવસ્થા ફરજિયાત બનાવવી જોઈએ.
થૅલૅસીમિયા મેજર બાળક જેમને ત્યાં જન્મે એ વ્યક્તિ તેમજ કુટુંબ સામાજિક અને આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે. થૅલૅસીમિયા
મેજરની સારવાર અત્યંત ખર્ચાળ છે, આર્થિક રીતે સાધારણ અને નબળા વર્ગના લોકોની પહોંચ બહાર છે. થૅલૅસીમિયા મેજર
અટકાવવાની દિશામાં સૌથી વધુ મહત્ત્વનું પગલું છે રક્ત-પરીક્ષણ જે તમને મુસીબતોના પહાડથી બચાવી શકે છે.

## પહેલાં થેલેસીમિયા-પરિક્ષણ : પછી જ સગાઈ

## થેલેસીમિયા મેજર બાળકની આપવીતી

મારું જીવન મૃત્યુનો સંદેશ છે. મારી દશા બરબાદીનો ચિતાર છે. મને દર ૨૫ દીવસે લોહી ચડાવવું પડે છે. અત્યાર સુધીમાં મને ૨૩૧
લોહીનાં યુનિટ આપવામાં આવેલ છે. મને નિયમિત આઠઆઠ કલાક ચાલે તેવું ઈન્જેકશન પેટમાં રાત્રે સૂતી વખતે આપે છે જે સવારે
કાઢે છે. મારા બચવાની કે સાજા થવાની કોઈ શક્યતા નથી. હું ક્યારે મૃત્યુ પામીશ એની મને પણ ખબર નથી.

મને માત્ર થોડાં વર્ષ જિવાડવા નાણાંની કોથળી ખુલ્લી રાખવી પડે છે. મારે લીધે મારું કુટુંબ સામાજિક અને આર્થિક રીતે પાયમાલ થઈ
ગયું છે. તમે જાણો છો કે તમારા કુટુંબમાં પણ મારા જેવું બાળક જન્મી શકે છે ? મારા જેવી ભયંકર યાતના અન્ય કોઈ બાળકને ન
ભોગવવી પડે અને મારા કુટુંબ જેવી બરબાદી કોઈ કુટુંબની ન થાય એનો શું ઉપાય છે ?

## થેલેસીમિયા માઈનર એ કોઈ રોગ નથી, પરંતુ થેલેસીમિયા મેજર એક જીવલેણ રોગ છે.

## પતિ-પત્નિ બન્ને થેલેસીમિયા માઈનર હોય તો

સગાઈ કે લગ્ન પહેલાં થૅલૅસીમિયા-પરીક્ષણ ન કરાવ્યું હોય તેમજ પતિ-પત્ની બન્ને થૅલૅસીમિયા માઈનર હોય અને પત્નીને ગર્ભ રહે, તો
એ સંજોગોમાં થૅલૅસીમિયા મેજર બાળકનો જન્મ અટકાવવા શું થઈ શકે ? ઘણાં યુગલો પત્નીને ગર્ભ રહે ત્યારે અન્ય પરીક્ષણોની સાથે
બાળક થૅલૅસીમિયા મેજર છે કે નહિ એ જાણવા પરીક્ષણ કરાવે છે. ગર્ભસ્થ બાળક જો થૅલૅસીમિયા મેજર હોય તો પરીક્ષણ બાદ
ગર્ભપાત કરાવી લે છે.

## ગર્ભસ્થ બાળક થેલેસીમિયા મેજર છે કે નહિ તે જાણવા બે પ્રકારના ટેસ્ટ થાય છે.

ગર્ભ રહ્યાનાં પ્રથમ૧૦ સપ્તાહમાં કોરીઓનિક વિલી સૅમ્પલિંગ (Chorionic Villus Sampling) ટેસ્ટ કરવામાં
આવે છે. ગર્ભ રહ્યાના પ્રથમ ૧૮ સપ્તાહમાં ફીટલ બ્લડ સૅમ્પલિંગ (Foetal Blood Sampling) ટેસ્ટ કરવામાં આવે છે.
જો ટેસ્ટ પૉઝિટિવ આવે તો ગર્ભપાત દ્વારા થૅલૅસીમિયા મેજર બાળકનો જન્મ અટકાવી શકાય છે. ભારતભરમાં
સૌથી પ્રથમવાર ગુજરાત સ્ટેટ - રેડ ક્રોસે જ કૉલેજોમાં થૅલૅસીમિયા પરીક્ષણની જવાબદારી લીધી છે, એ ઘણી ખર્ચાળ છે.
**ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી**, અમદાવાદ જિલ્લા શાખા થૅલૅસીમિયા મેજર બાળકોને લોહી પુરૂં પાડવા ઉપરાંત જનજાગૃતિ
માટે કાઉન્સિલીંગ કરે છે અને હવે પ્રીનેટલ ટેસ્ટની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે.

**ગર્ભવતી મહિલા થેલેસીમિયા મેજર બાળકને જન્મ ન આપે એ માટે અન્ય ટેસ્ટ સાથે પ્રીનેટલ ટેસ્ટ કરાવવાનું માર્ગદર્શન આપવામાં આવે છે.**

## થેલેસીમિયા મેજર બાળકનો જન્મ અટકાવવા સગાઈ પહેલાં થેલેસીમિયા-પરીક્ષણ કરાવો

**આપણા માનનીય શિક્ષણમંત્રીશ્રીએ કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે થેલેસીમિયા-પરીક્ષણ કરાવવું ફરજિયાત જાહેર કરેલ છે.**

NABL

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત રાજ્ય સરકાર
અને

## ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી
ગુજરાત રાજ્ય શાખા

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર
કલ્યાણ વિભાગના
સહયોગથી


સીકલસેલ / થેલેસીમિયા નાબૂદિ અભિયાન
'રેડક્રોસ ભવન', ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ પાસે, આશ્રમ રોડ, વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૫૫૮૨૩૦, ૨૭૫૫૭૦૫૫ ફેક્સ : (૦૭૯) ૨૭૫૫૧૭૯૦, ૯૪૨૮૨ ૧૪૨૯૪

સીકલસેલ/થેલેસીમિયા-પરિક્ષણનો સમય : **સવારે ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી** (રજા સિવાય)